## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ




હુ તો પુછવા આવ્યો છુ કે ચુંટણી જીતવા માટે અમારી જરૂર હોય તો કહેજો...!!!

# ચિલોડા અનાજ માર્કેટની દુકાનમાંથી ઘઉં-ચોખાનો ગેરકાયદેસર જથ્થો ઝડપાયો

**દુકાન નં-૨૨ માંથી ચોખાના-૪૦૦ તેમજ ઘઉંના-૧૮૦ કટ્ટા પોલીસે સીઝ કર્યા, પોલીસે પુરવઠા મામલતદારને પણ જાણ કરી**




ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના ચિલોડા અનાજ માર્કેટની દુકાનમાંથી સસ્તા અનાજનો ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દુકાનમાંથી ચોખાના-૪૦૦ તેમજ ઘઉંના-૧૮૦ કટ્ટા પોલીસે સીઝ કર્યા છે. જયારે પોલીસે આ જથ્થા અંગે પુરવઠા મામલતદારને જાણ કરી છે. જયારે રાહતદરનુ સરકારી અનાજ (કંટ્રોલનું અનાજ) મંગાવી તે અનાજને ગોડાઉનમાં માર્કા વિનાની કોથળીઓમાં ભરીને તેને ઉંચા ભાવે વેચવાનું કૌંભાડ ચાલી રહ્યું હતું. પોલીસે ઘઉં-ચોખા ના ગેરકાયેદસર જથ્થા સાથે દુકાન માલિક સહિત પાંચ શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે મોટા ચિલોડા ખાતે અનાજ માર્કેટમાં આવેલી દુકાન નં-૨૪ ના માલિક ઓમ પ્રકાશ ફુફારામ સુજારામ કુમાવત (રહે. ચિલોડા અનાજ માર્કેટ નં-૨૪) પોતાની દુકાન પર કેટલાક માણસો રાખી તેમની મારફતે રાહતદરનું સરકારી અનાજ મંગાવી તે અનાજને તેના ગોડાઉનમાં માર્કાવિનાની થેલીઓમાં ભરીને તેને ઉંચા ભાવે વેચાણ કરવાની ગેરકાયદેસર પ્રવૃતિ કરે છે. જયારે હાલ આ સસ્તા અનાજ હાલમાં તેના ગોડાઉનમાં પડ્યું છે. જે હકીકતને આધારે પોલીસે દુકાન પર જઈ તપાસ કરતા ચિલોડા અનાજ માર્કેટમાંથી દુકાન નં-૨૨ માંથી ચોખાના-૪૦૦ કટ્ટા તેમજ ઘઉંના-૧૮૦ કટ્ટા ભરેલા મળી આવ્યા હતા. જયારે દુકાન માલિકને પુછપરછ કરતા તેની પાસે કોઈ બીલ કે પાવતી ન હતી. પોલીસે ઘઉંના ૧૮૦ કટ્ટા માં ૮,૬૪૦ કિ.ગ્રામ ઘઉની કિં.રૂ.૧,૭૨,૮૦૦ તેમજ ચોખાના કુલ-૪૦૦ કટ્ટા વજન ૧૯,૨૦૦ કિ.રૂ.૩,૮૪,૦૦૦ તેમજ ઘઉં ચોખા લાવવા માટે બાઈક નંગ-૫ કિં.૫૦ હજાર મળી કુલ રૂ.૫,૫૬,૮૦૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.જયારે દુકાન નં.૨૨ માં ઘઉ અને ચોખાના કટ્ટા સીઝ કરી જે તે સ્થિતિમાં મુકાયા છે. જયારે પોલીસે દુકાન માલિક ઓમપ્રકાશ ફુફારામ સુજારામ કુમાવત (રહે ચિલોડા મુળ રહે. જેતપુર જી પાલી રાજસ્થાન), પ્રકાશ શંકરભાઈ કનીયાવ, મીઠીયો કાલુ કનીયાવ, પપ્પુ નાનુભાઈ કનીયાવ, પંકજ સોદન્તભાઈ કનીયાવને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ જથ્થો સસ્તા અનાજની દુકાનમાં મળતો હોયતે પ્રકારે લાગતા પોલીસે પુરવઠા મામલતદારને તપાસ માટે જાણ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં હિટવેવ યથાવત્ રહેવા પામ્યો છે.
- સે. ૮માં આજે વૃક્ષછેદન વધુ થતાં વસાહતીઓ વ્યથિત થયા છે.
- પંચદેવ મદિર રોડ પર અધુરૂ રખાયેલ રોડ બનાવવાનું કામ હાથ પર લેવાતા ભક્તોને દર્શનના આવન-જાવનમાં તકલીફો પડી રહી છે.
- સાદરા ગ્રામ વિદ્યાપીઠ ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરાયુ હતુ.
- કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ખાતે કલાયમેન્ટચેન્જ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો હતો.
- ગાંધીનગરમાં વિડીયો વ્યુઈંગ ટીમની કામગીરી આજથી વધી જવા પામી છે.
- રાજ્યમાં રક્ષાશક્તિ સ્કૂલ અને સંસ્કૃતિ સ્કૂલ શરૂ કરવા માટેની અરજીઓ સ્વીકારવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખની ગાડીને પણ ચૂંટણીની કામગીરી માટે સંપાદિત કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ગ્રામ્યમાં ૫ અને શહેરમાં ૨૯ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે આઉટ સોર્સિંગ કર્મચારીઓની જ હાજરી હોય છે બીજા તમામને ચૂંટણીની કામગીરીમાં જોતરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડા સમયથી ડોર ટુ ડોર કલેકશન માટે આવતી ગાડીઓ અનિયમિત બની છે.

# પેથાપુર ખાતે મકાનમાંથી વિદેશી દારૂના ૩૮ કવાર્ટર મળ્યા

ગાંધીનગર, તા.૧૬

પેથાપુરની મ.ભ.સ્કુલ પાસે આવેલી પાણીની ટાંકી નજીક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂના બે કવાર્ટર મળી આવ્યા હતા. જયારે પેથાપુર રાવળવાસ મુળભાના માઢ પાસે મિતેશ રાવળના ઘરમાંથી કવાર્ટર-૩૬ કવાર્ટર મળી આવ્યા હતા. પોલીસે રૂ.૮૩૬૦ ના કુલ નંગ-૩૮ કવાર્ટર કબ્જે કરી ત્રણેય શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે પેથાપુર મ.ભ.સ્કુલ પાસે પાણીની ટાંકી નજીક વિજયસિંહ ભુપતસિંહના વાઘેલના મકાનમાં વિજયસિંહ વાઘેલા તેમજ પરેશ ઠાકોર વિદેશી દારૂનો જથ્થો રાખી છુટક વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળા ઘરે રેઈડ પાડી હતી.ત્યાં એક શખ્સ મળી આવ્યો હતો. તે શખ્સે પોતાનું નામ મિતેશ ઉર્ફે પિન્ટો ધુળાભાઈ રાવળ (ઉં.૧૯ રહે.રાવળવાસ પેથાપુર)હોવાનું જણાવ્યું હતું. પોલીસે મકાન અંગે પુછતા વિજયસિંહ વાઘેલાનું હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તે શખ્સને સાથે રાખી ઘરમાં તપાસ કરતા રસોડામાં પ્લેટફોર્મ નીચે થી બે કવાર્ટર મળી આવ્યા હતા. પોલીસે બીજા દારૂના જથ્થા અંગે મિતેશને પુછતા તેણે રાવળવાસ ખાતે મકાનમાં મુક્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે રાવળવાસમાં ઘરે જઈ તપાસ કરતા તિજોરી પાસે એક થેલો તેમજ પુંઠાવાળી પેટીઓ મળી આવી હતી. એક પેટીમાં ૨૪ નંગ તેમજ અન્ય પેટીમાં ૧૨ નંગ દારુના કવાર્ટર મળી આવ્યા હતા. પોલીસે કુલ નંગ-૩૮ કિં.રૂ.૮૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




જન શિક્ષણ સંસ્થાન માણસા દ્વારા આજ રોજ જનજાતિય ગૌરવ દિન ની ઉજવણી કરવામાં આવી તથા યુવા મિત્રોને મતદાન માટે શપથ લેવડાવી હતી.

# મહુન્દ્રા ગામે બી.એસ.એફ. દ્વારા વિદ્યાર્થીઓનો માર્ગદર્શન કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામ પ્રાથમિક શાળામાં બી.એસ.એફ. દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટેનો કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

બી.એસ.એફ. ટીમ અને ઓફિસરો દ્વારા વિવિધ હથિયારો વિશે માહિતીગાર કરી આર્મીમાં જોડાવા માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ કેમ્પમાં ગામના સરપંચ તલાટી કમ મંત્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ તથા અગ્રણી ગ્રામજનો હાજર રહ્યા હતા.

# કડાદરા ગામના શખ્સને પાસા હેઠળ રાજકોટ જેલમાં ધકેલાયો



ગાંધીનગર, તા.૧૬

દહેગામ પોલીસ મથક વિસ્તારમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ આચરતા કડાદરા ના શખ્સને પાસા હેઠળ એલસીબી પોલીસે અટકાયત કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. તાજેતરમાં ધવલસિંહ બિહોલા પાસેથી રૂ.૨૭ હજારનો દારૂ બિયરનો જથ્થો ઝડપાયો હતો. જયારે છેલ્લા બે વર્ષમાં ધવલસિંહ સામે પ્રોહીના ૪ કેસ પોલીસ મથકે નોંધાયા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃતિ આચરતા શખ્સોની પાસા દરખાસ્ત કરવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા તાબાના અધિકારીઓને જરુરી સુચના આપી હતી. જેથી પોલીસે ગુનાહિત પ્રવૃતિ આચરતા શખ્સોની યાદી તૈયાર કરી હતી.ત્યારે દહેગામ પોલીસ મથકમાં પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ શખ્સ ધવલસિંહ નાગજીસિંહ બિહોલા (રહે.કડાદરા માઢવાસ તા દહેગામ) ની પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ને મોકલી આપી હતી. ધવલસિંહ બિહોલા સામે નોંધાયેલા ગુનાને ધ્યાને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આ શખ્સનો પાસાસ અટકાયતી હુમક ઈશ્યુ કર્યો હતો. જેથી પોલીસે શખ્સને શોધી કાઢી પોલીસ મથકે લાવી તા.૧૫-૧૧-૨૨ ના રોજ પાસા અટકાયતી હુકમની બજવણી કરી હતી. ત્યારબાદ કડાદરાના ધવલસિંહ બિહોલાના જાપ્તા હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

# પાલજ પ્રાથમિક શાળામાં બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ યોજાયો



સરકારી પ્રાથમિક શાળા-- પાલજ માં શાળાના આચાર્યશ્રી હિતેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ ૨૦૨૨-૨૩ ઉજવવામાં આવ્યો. અંતર્ગત પરંપરાગત ઉર્જા સ્ત્રોતો વિશે માહિતી આપવા આવી હતુ આયોજન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર- ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યુ જેમાં ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમજ ઈનામ વિતરણ કરવામાં આવ્યું બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોતો નો જાગૃતિ અંગેનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો




એમ. એચ. વિદ્યામંદિર ડભોડા શાળા ને આજ રોજ ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાએ પ્રથમ શ્રેષ્ઠ શાળા નો પ્રમાણપત્ર અને ચેક વિતરણ કરવામાં આવ્યું, આ પ્રસંગે પી.કે ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર માં મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર તેમજ અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાને ગૌરવ અપાવવા બદલ વ્યાયામ શિક્ષક શ્રી દલસંગભાઈ ચૌધરીને શ્રી એમ એચ. વિદ્યામંદિર શાળા પરિવાર તેમજ શ્રી કેળવણી મંડળ ડભોડા ના સૌ સભ્યો હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.



શ્રી એમ.એચ. વિદ્યામંદિર, ડભોડામાં ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ ફેલાય તેમજ લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં ગાંધીનગર જિલ્લાના તમામ મતદાર ભાગીદાર બને તે હેતુથી વોટ ચિત્ર ની સાંકળ બનાવીને ફરજિયાત મતદાનનો સંદેશો આપવામાં આવ્યો હતો.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જાસપુર દ્વારા ટીબીના ૧૧ દર્દીઓને દત્તક લેવામાં આવ્યા



ગાંધીનગર,તા.૧૬

ભારત સરકાર દ્વારા ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કર્યું છે. તેની સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૨ માંથી ટીબી ના રોગને નાબૂદ કરવાનું નક્કી કરેલ છે ટીબી ના દર્દી ઓને દવાની સાથે પોષણયુક્ત આહાર મળી રહે તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર: ધાનજ હેલ્થ વેલનસ સેન્ટર ડૉ.કૃણાલ (સી.એચ.ઓ), કેતનભાઈ (MPHW) ના સહયોગ થી અને જીલ્લા ક્ષય કેન્દ્ર માથી શૈલેષ રાઠોડ(STS), પરાગ શાહ (STLS) ના સહયોગ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, જાસપુર દ્વારા ૧૧ ટીબીના દર્દીઓને દતક લેવામા આવ્યા હતા.આજ રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન માથી શૈલેષભાઈ પટેલ દ્વારા જિલ્લા ક્ષય અધિકારી ની હાજરી માં ૨૦ ટીબી ના દર્દીઓને રુબરુ માં ન્યુટ્રીશીયન કીટ આપવામા આવી હતી, આ કાર્યક્રમ પ્રાઆકે ધાનજ માથી ડો સોનલ (આયુષ તબીબી અધિકારી) તથા પ્રકાશભાઈ દેત્રોજા (MPHW) હાજર રહ્યા હતા..આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત દર્દીઓને અને સંસ્થા ના તમામ નાગરિકોને જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના રોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી તેમજ દર્દીઓએ પોતાના સ્વાસ્થ્ય ની કાળજી માટે કઈ કઈ સારસંભાળ રાખવી તેની માહિતી આપી હતી, આ કાર્યક્રમ માં હાલમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબી ને નાબૂદ કરવા સરકાર દ્વારા ટીબીના દર્દીને મળતી સામાજિક સહાય,મફત નિદાન, મફતદવાઓ,દવાની આડ અસરો, ટીબીના લક્ષણો વિશેની માહિતી આપી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સંસ્થા ના ટ્રસ્ટીઓ નો ખુબજ સારો સહયોગ મળ્યો હતો.જીલ્લા ક્ષય અધિકારી ડૉ.દીપક પટેલ દ્વારા આવા જરૂરિયાત મંદ ગરીબ ટીબી દર્દીઓને આવા પોષાણ યુક્ત આહાર ની કીટ આપવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો . વધુમાં જણાવેલ કે આવા જરૂરિયાત ટીબીના દર્દીઓને પોષાણ યુક્ત આહાર ની કીટ આપવા માંગતા હોય તો જિલ્લા ક્ષય કેન્દ્ર, ડી -૪ , ત્રીજો માળ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર,

# જિલ્લા કાનૂની સત્તામંડળ દ્વારા લોક અદાલત યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, (નાલ્સા)ના આદેશ અનુસાર તારીખ ૧૨-૧૧-૨૦૨૨ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી અધ્યક્ષ સોનીયા ગોકાણી તેમજ ચીફ જસ્ટીસ અરવીંદકુમારના સતત માર્ગદર્શન હેઠળ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ રાહુલ ત્રિવેદીના અવિરત પ્રોત્સાહનથી અત્રેના જિલ્લાની તેમજ ગાંધીનગર જિલ્લાની તમામ તાલુકાની અદાલતમાં પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તેમજ અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના જે.આર. શાહના અધ્યક્ષતા હેઠળ તા. ૧૨-૧૧-૨૨ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ તેમજ નેશનલ લોક અદાલતમાં મોટર અકસ્માતના ૩૨ કેસનો સમાધાનથી નિકાલ કરીને રૂ. ૨,૨૧,૦૦૦નું વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવેલ તેમજ અન્ય ૬૪૦ કેસમાં સમાધાનથી નિકાલ કરવામાં આવેલ તેમજ સ્પે સીટીંગમાં ૧૪૪૧ ફેસલ કરવામાં આવેલ અને પ્રિ-લીટીગેશન લોક અદાલતમાં કુલ ૨૦૭૯ કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવેલ આ કુલ ૪૧૯૨ કેસોનો સમાધાનથી નિકાલકરવામાં આવેલ ઉપરોક્ત કેસોમાં સમાધાન કરવાસારૂ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ વિ.એસ. ગઢવી દ્વારા વિવિધ મીટીંગોનું આયોજન કરી વધુ ને વધુ કેસ સમાધાનથી નિકાલ થાય તેવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સદરહુ લોક અદાલતને ગાંધીનગર જિલ્લાના તમામ જ્યુડીશીયલ ઓફીસરો, વકીલો તેમજ સ્ટાફના અથાગ પ્રયત્ન દ્વારા લોક અદાલતને સફળ બનાવ્યો હતો.

# ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવન દ્વારા જ્ઞાનવર્ધક પરીક્ષાઓનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૧૬

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદના હિન્દીભવનની ગૂજરાત હિન્દી-હિંદુસ્તાની પ્રચાર સમિતિના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલના આયોજન મુજબે વિવિધ જ્ઞાનવર્ધક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં હિન્દીબાલપોથી, હિન્દી પહેલી, હિન્દી દૂસરી, હિન્દી તીસરી, હિન્દી વિનિત, હિન્દી સેવકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધીવિચાર પ્રચાર-પ્રસાર માટેની પરીક્ષાઓ જેવી કે ગાંધીજીવન ઝાંખી, ગાંધીજીવન સ્મૃતિ, ગાંધીવિચાર પ્રવેશ, ગાંધીવિચાર પરિચય, ગાંધીવિચાર ચિંતન, ગાંધીવિચાર મનન, ગાંધીવિચાર મિર્માસા પરીક્ષાઓ વિદ્યાર્થીઓ શાળા-મહાશાળાઓમાં પોતાના અભ્યાસની સાથે સાથે આપી શકશે. આ પરીક્ષાઓનો મૂળ ઉદ્દેશ્ય રાષ્ટ્રભાષા હિન્દીભાષાનો પ્રચાર પ્રસાર કરવાનો અને ગાંધીવિચાર પરીક્ષાઓનો મૂળ હેતુ ગાંધીજીના જીવનને નવી પેઢી જાણે-સમજે. સાંપ્રત સમયની સમસ્યાઓનો ઉકેલ મહાત્મા ગાંધીજીના કાર્યો અને વિચારો થકી કેવી રીતે મદદરૂપ લઈ શકાય તેના પથદર્શક માટે શાળા-મહાશાળાઓના યુવક-યુવતીઓએ આ પરીક્ષાઓ આપવી જરૂરી છે. જે માટે ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવન દ્વારા જ્ઞાનવર્ધક પરીક્ષાઓનું આયોજન કરાયું છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટ અને કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીના માર્ગદર્શન હેઠળ આ પરીક્ષાઓનું સુચારૂ વ્યવસ્થાપન ગોઠવાય છે.